# વલસાડમાં ૨૪ કલાકમાં ૨૪ ઈંચ વરસાદ : જનજીવન ખોરવાયુ

## પારડીમાં ૨૦ ઈંચ, જામનગરમાં ૧૧ ઈંચ અને સૂરત શહેરમાં ૮ ઈંચ સહિત રાજ્યમાં સાર્વત્રિક વરસાદ : આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી

અમદાવાદ, તા.૧૨

દેશના અનેક વિસ્તારમાં આભ ફાટવાની ઘટના બાદ ગઈ રાત્રે દક્ષિણ ગુજરાતના વલસાડ અને પારડી વગેરે સ્થળોએ આભ ફાટતા તુટી પડેલા અનરાધારે વરસાદે લોકોને ભયભીત કરી દીધા હતા. છેલ્લા ૨૪ કલાકમાં વલસાડમાં ૨૫ ઈંચ અને પારડીમાં ૨૦ ઈંચ જેટલો વરસાદ ખાબકતા સામાન્ય જનજીવન ખોવરાઈ ગયું હતુ ભારે વરસાદને કારણે રેલ્વે ટ્રેક ઉપર પાણી ફરી વળતા અમદાવાદ, વડોદરા અને સુરતથી મુંબઈ જતી મોટાભાગની ટ્રેનો રદ કરવામાં આવી હતી. આ ઉપરાંત શાળા-કોલેજો બંધ રહેતા ધોરણ ૧૦ અને ૧૨ની પુરક પરીક્ષા પણ રદ કરવામાં આવી હતી. મેઘરાજાએ માત્ર દક્ષિણ ગુજરાતમાં જ નહી સૌરાષ્ટ્ર અને રાજ્યના અન્ય સ્થળોએ ભારે પાણી વરસાવ્યું હતું. આજે દિવસ દરમિયાન જામનગરમાં ૧૧ ઈંચ, સહિત રાજ્યના ૮૯ તાલુકામાં નોંધપાત્ર વરસાદ નોંધાયો હતો.

ભારે વરસાદનાં કારણે વલસાડ પારડી અને કપરાડા તથા જામનગર વગેરે શહેરોના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા સેંકડો લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે વલસાડમાં ધોબી તળાવ વિસ્તારમાં ત્રણ મકાનો પડી ગયા હતા અને નદીઓમાં ઘોડાપુર આવતા પરિસ્થિતિ વધુ વિકટ બનતા વડોદરાથી નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટની બે ટીમો તથા સુરતથી હાઈસ્પીડ રેસ્ક્યુ બોટ અને ભારે ક્ષમતાવાળા પાણી ઉલેચવાના પમ્પો સાથે ફાયરબ્રિગેડની ટીમ પણ રવાના કરવામાં આવી હતી તેમ રાજ્ય સરકારના પ્રવક્તા અને નાણામંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું.

વલસાડથી મળતા અહેવાલો મુજબ ગઈરાતથી શરૂ થયેલા અતિભારે વરસાદે સવાર સુધીમાં ૧૮ ઈંચ પાણી વરસાયું હતું અને દિવસ દરમિયાન વધુ જ ઈંચ વરસાદ થતા ૨૪ કલાકમાં ૨૪ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. વરસાદમાં ભારે વરસાદના કારણે વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. તેના કારણે લોકો પારાવાર મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. વલસાડના તમામ માર્ગો ઉપર ચારથી પાંચ ફુટ જેટલો પાણી ભરાઈ જતાં કાર, સ્કુટર, મોટર-સાઈકલ વગેરે પાણીમાં સંપૂર્ણ રીતે ગરકાવ થઈ ગયા હતા. જ્યારે ભદેલીનું સીત તળાવ પાટતા તેમજ નદીઓમાં ઘોડાપુર આવતા જીલ્લા કલેક્ટરની સુચનાથી વહીવટી તંત્રએ રાતના ત્રણ વાગ્યાથી રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી.

સૂત્રોના વધુમાં જણાવ્યા મુજબ વલસાડના મોટાભાગના વિસ્તારો પાણીમાં ડૂબી ગયા હતા. લોકોના ઘરોમાં પાણી ઘૂસી જતા ભારે વિકટ સ્થિતિ સર્જાઈ હતી. જિલ્લા વહીવટી તંત્ર તાબડતોબ રાહત અને બચાવ કામગીરી હાથ ધરી હતી અને મોડી સાંજે વરસાદી પાણી ઓસરવાનું શરૂ થતા વહીવટી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

વલસાડમાં પડેલા અતિભારે વરસાદથી સ્થિતિ એટલી વિકટ બની હતી કે જિલ્લા વહીવટી તંત્રએ રાતના બે વાગ્યાથી લો લાઈન વિસ્તારમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી શરૂ કરી દીધી હતી જ્યારે ધોબી તળાવ વિસ્તારમાં ત્રણ મકાનો વરસાદના કારણે પડી જતા આ વિસ્તારના રહીશોએ આજે દિવસ દરમિયાન નગરપાલિકામાં જઈ ભારે ધાંધલ ધમાલ કરી હતી અને પાલિકાના તંત્રની નિષ્ક્રિયતા સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો. લાખુડિયા તળાવ અને હાલર અને ગોયા તળાવ ઓવરફ્લો થતા નાગરિકોમાં ભારે ફફડાટ સર્જાયો હતો એટલું જ નહીં પરંતુ વલસાડના દરિયામાં આવતીકાલે હાઈટાઈડની ચેતવણી આપવામાં આવતા કોસ્ટગાર્ડને પણ એલર્ટ કરી દેવામાં આવ્યુ છે. માછીમારોને દરિયો નહીં ખેડવાની પણ સલાહ આપવામાં આવી છે. સૂત્રોઉમેર્યુ હતુ કે અતિભારે વરસાદના કારણે વલસાડના ૨૦ ગામો તથા નવસારીના છ ગામો સંપર્ક વિહોણા બન્યા હતા. બીજી તરફ ગણદેવીના ત્રણ ઓવરબ્રિજ પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. હવામાન વિભાગે આગામી ૪૮ કલાકમાં ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. સાથે સાથે અરબી સમુદ્રમાં ૪૦થી ૪૫ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે તેવી પણ ચેતવણી ઉચ્ચારી છે. દરમિયાન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, મહેસૂલ મંત્રી આનંદબહેન પટેલ વગેરે વલસાડમાં પડેલા અતિભારે વરસાદથી સર્જાયેલી સ્થિતિની અધિકારીઓ સાથે સમિક્ષા કરી હતી અને અધિકારીઓને જરૂરી તમામ કાર્યવાહી કરવાની તાકીદ કરી હતી.

## ત્રણ હજારની લાંચ લેનાર PSI કુરેશી જેલ હવાલે

અમદાવાદ, તા.૧૨

પોલીસ બેડામાં ચકચાર જગાવનાર પીએસઆઈ દ્વારા લાંચ લેવાના ગુનામાં એસીબી દ્વારા રંગેહાથ ઝડપાયેલા પીએસઆઈ કે.એફ. કુરેશીને સીટી સીવીલ સેશન્સ કોર્ટમાં પ્રોડક્શન અર્થે પેશ કરવામાં આવ્યો હતો જેમાં કોર્ટ તેને જેલ કસ્ટડી કરવાનો હુકમ કર્યો હતો.

આ કેસની વિગત એવી છે કે હમણાં જ સંપન્ન થયેલી રથયાત્રા દરમ્યાન કોઈ અસામાજીક તત્વો શહેરમાં કોઈ ભાંગફોડ પ્રવૃત્તિ ન કરે તે માટે શંકાસ્પદ વ્યક્તિઓની અટકાયત કરવાની કાર્યવાહી પોલીસ દ્વારા હાથ ધરાઈ હતી.

જેમાં બાપુનગર પોલીસ મથકમાં પીએસઆઈ તરીકે ફરજ બજાવતા કે.એફ. કુરેશીએ મોહંમદ ઈમરાન નામના શખ્સની અટકાયત કરી જેલમાં દેવાની ધમકી આપી હતી જેમાં પીએસઆઈએ ઈમરાનને કહ્યું હતું કે જો તારે જેલમાં ન જવું હોય તો ૩ હજાર રૂપિયા આપવા પડશે આ અંગે મોહંમદ ઈમરાને એન્ટિ કરપ્શન બ્યુરોમાં ફરિયાદ દાખલ કરી હતી.

જેમાં બાપુનગરના પીએસઆઈ કે.એફ. કુરેશી લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. સીટી સીવિલ સેશન્સ કોર્ટે આરોપીને પ્રોડકશન દરમ્યાન જેલ હવાલે કરવાનો હુકમ કર્યો છે.



બનાસકાંઠાના વિવિધ વિસ્તારોમાં વિદેશી પક્ષીઓનું આગમન થયું છે. જેમાં પક્ષીની ઉડવાની સાથે જ કેમેરામાં ક્લીક થયેલ તસવીર દશ્યમાન થાય છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## પાલનપુરમાં બારકોડેડ રેશનકાર્ડમાં ફીંગર પ્રિન્ટ ન આવતાં વડીલોને રાશનથી અળગા રખાયા

પાલનપુર, તા. ૧૨

બનાસકાંઠામાં ડી.એસ.ઓ. પટેલ દ્વારા બનાસકાંઠાને ૧૦૦ ટકા બારકોડેડ ઘોષિત કરીને સરકારમાં તો નામના પ્રાપ્ત કરી નાખી પણ બારકોડેડ ધારકોની શી હાલત થવા પામી છે તેની જાણ સુદ્ધા પણ લેવામાં આવતી નથી. બારકોડેડના ગાણા ગાનારા પુરવઠાના અધિકારીઓ કર્મચારીઓ સસ્તા અનાજની દુકાનમાં તેમજ ફીંગર પ્રિન્ટ આપવા માટે કલાકો સુધી લાઈનમાં ઉભા રહે છે. અને નંબર આવે અને ફિંગર પ્રિન્ટ મેચ ન થાય તો કલાકો સુધી બેસેલા વડીલો, વૃદ્ધો, યુવાનો અને મહિલાઓ ભારે રોષે ભરાયા છે. લઘુમતી સમાજના લોકોનો પવિત્ર રમઝાન માસનો પ્રારંભ થયો છે. જેના કારણે સમગ્ર દિવસ દરમ્યાન મસ્જીદોમાં નમાઝ તથા રાત્રી દરમ્યાન વધારાની તરાવીહની નમાઝ અદા કરવામાં આવે છે. રમઝાન માસમાં માસિક બજેટ વધી જાય છે. તેવામાં સસ્તા અનાજનું રાશન આશીર્વાદરૂપ બને છે. જેમાં પણ ફિંગર પ્રિન્ટ ન મળતા લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. રોઝુ રાખીને આવેલ વૃદ્ધ મહિલાઓ સસ્તા અનાજનું રાશન મેળવવા માટે સવારથી બપોર અને સાંજ સુધી ઉભા રહીને નંબર આવે ત્યારે ફિંગર પ્રિન્ટ ન આવતા કોન્ટ્રાક્ટરોના માણસો પણ ઉદ્ધાઈપૂર્વક જવાબ આપે છે. જેમાં મામલતદાર કચેરીમાં જાવ અમે શું કરીએ ? સો ટકા જિલ્લાને બારકોડેડ જાહેર કરનાર ડી.એસ.ઓ. ઓફિસમાંથી બહાર આવીને પુરવઠાના અધિકારીઓને પાલનપુરની ૪૨ સસ્તા અનાજની દુકાનો પર હાલાકી ભોગવતા ગ્રાહકોની તપાસ કરાવે અને વડિલોના જે ફિંગર પ્રિન્ટ નથી આવતા અને ગરીબ અશિક્ષિત શ્રમિક લોકો છે. જેઓ વારંવાર ઓફિસમાં જઈને રજુઆત કરી શકતા નથી. તેઓ પોતાનું અનાજ ફિંગરપ્રિન્ટ ન મળવાના કારણે ગુમાવી રહ્યાના કિસ્સા બહાર આવ્યા છે. વૃદ્ધો અનાજ માટે સંચાલકોને કાકલુદી કરી રહ્યા છે. પણ તંત્રના અધિકારીઓનું પેટનું પાણી હાલતુ નથી. સરકારી મશીનરીની ખામીના કારણે બી.પી.એલ. અને અંત્યોંદયની ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારોનું રાશન સસ્તા અનાજની સરકારી દુકાનોમાં હોય છે. મોંઘવારીમાં દુકાનનું કેરોસીન આશીર્વાદરૂપ સાબિત થાય છે. પરંતુ પુરવઠા વિભાગની બેદરકારીના કારણે અને સરકારમાં માત્ર નામ કમાવાની લાલસાથી જિલ્લો સો ટકા જાહેર કર્યો હોય તેવું પાલનપુર વાસીઓને લાગી રહ્યું છે. ફિંગર પ્રિન્ટ ગરીબો માટે શ્રાપ બન્યું છે. પવિત્ર રમઝાન મહિનામાં આખો દિવસ રોઝા રાખીને પ્રિન્ટ ચક્કરમાં મામલતદાર, સેવાસદન, સસ્તા અનાજનીદુકાનોમાં ભટકીને અનાજ મેળવવા માટે ફાંફા મારી રહ્યા છે. તો કેટલીક જગ્યાએ લોકોને અનાજમાં પણ સંચાલકો ઘટ આપે છે. જે ગરીબો માટે શ્રાપ બન્યું છે.

## રોટરી ક્લબ ઓફ પાલનપુર ડાયમંડ સીટીનો પદગ્રહણ સમારોહ યોજાશે

પાલનપુર, તા. ૧૨

પાલનપુર શહેરમાં સેવાની સુવાસ પ્રસરાવતી રોટરી ક્લબ ઓફ પાલનપુર ડાયમંડ સીટીના નવ નિયુક્ત હોદ્દેદારોનો પદગ્રહણ સમારોહ રવિવાર તા. ૧૪ જુલાઈ-૨૦૧૩ના રોજ યોજાશે.

બનાસકાંઠાના અગ્રણી જે.જી. હીંગરાજીયાના અધ્યક્ષસ્થાને હોટલ લાજવેલી ખાતે પદગ્રહણ સમારોહ સવારે ૯.૩૦ કલાકે યોજાશે. આ સમારંભમાં રોટરી ક્લબ ઓફ ડાયમંડ સીટીના નવિન પ્રમુખ તરીકે ડૉ. પીનાકીન પટેલ, સેક્રેટરી તરીકે અશોક ખંડેલવાલ તથા તેમની ટીમને રોટ દિપકભાઈ પંડ્યા પદગ્રહણ કરાવશે.

આ પ્રસંગે કિસાન ઓઈલ મીલના રમણભાઈ પટેલ, રોટરેક પ્રમુખ નિખિલ જોષી, ઈન્ટરેક્ટ પ્રમુખ તરીકે આલ્ફીના મેમણ યુથ કેટ પ્રમુખ તરીકે સોહમ ગુપ્તા શપથ ગ્રહણ કરશે.

## ભાજપ અતિ પછાત સેલની મુખ્યમંત્રી સાથે શુભેચ્છા મુલાકાત

ગાંધીનગર, તા.૧૨

સમાજના વંચિત વર્ગો પૈકીની અતિ પછાત જાતિના સર્વગ્રાહી કલ્યાણ માટે પ્રતિબધ્ધ ભારતીય જનતા પાર્ટીએ અતિ પછાત સેલની રચના કરી છે. આ સેલ દ્વારા આ સમાજના સામાન્ય માનવીના સર્વાંગી વિકાસ માટેની રાજય સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે અને મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ અતિ પછાત સમાજના સર્વગ્રાહી વિકાસનું સ્વપ્ન સાકાર થાય તેવા ફળદાયી પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રી ગાંધીનગર ખાતે ધારાસભ્યશ્રી પૂનમભાઈ મકવાણાની ઉપસ્થિતિમાં ભાજપ અતિ પછાત સેલના કન્વીનરશ્રી પ્રવિણભાઈ પંડયા, સહ કન્વીનર શ્રી ચંદનભાઈ રાણા અને એકસો ઉપરાંતના અતિ પછાત જાતિના અગ્રણીઓએ મુલાકાત લીધી હતી અને સમાજના સર્વગ્રાહી વિકાસ માટે અંગત કાળજી લેવા બદલ મુખ્યમંત્રીશ્રીનો હાર્દિક આભાર વ્યકત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ આ સમાજના સંતુલિત વિકાસ માટે પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ અગ્રણીઓ ભાજપના મુખ્ય કાર્યાલય, અમદાવાદ ખાતે સંગઠનના પદાધિકારીશ્રીઓને મળ્યા હતા અને રાજયના સમૃદ્ધિપથ પર વંચિતોને આગળ વધારવામાં પાર્ટીની નેમમાં પૂરી તાકાતથી કામે લાગવા પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી.

## પાલનપુર રેલવે સ્ટેશન પર આવેલ શંકર વિલાસ ગેસ્ટહાઉસ પોલીસે બંધ કરાવ્યું

પાલનપુર, તા. ૧૨

પાલનપુર રેલવે સ્ટેશન રોડ પર આવેલ શંકર વિલાસ ગેસ્ટહાઉસ જે અગાઉ પણ દેહવેપાર કરતી મહિલાઓની આવજાના કારણે અગાઉ પણ કેસ બન્યો હતો. ગતરોજ શહેરના રેલવે સ્ટેશન રોડ પર આવેલ શંકર વિલાસ ગેસ્ટહાઉસમાં પાલનપુર સીટીના ડીવાયએસપી જાડેજાએ સ્ટાફ સાથે રેડ કરતાં ઉપરોક્ત ગેસ્ટહાઉસમાં મહિલા સાથે મેનેજર ભુમલો ઝડપાતા રેલવે સ્ટેશનના વિસ્તારની ગેસ્ટ હાઈસોમાં સાંપો પડી જવા પામ્યો હતો. આ ગેસ્ટ હાઉસ કાન્તિલાલ છોગાજી પૂરોહીતનું છે. અગાઉ પણ આ ગેસ્ટહાઉસ પરપ્રાંતીય મહિલાઓ ઝડપાતા બદનામ થવા પામ્યું હતું. પોલીસે મેનેજર સામે ગુનો નોંધીને ગેસ્ટહાઉસને તાળા બંધી કરી બંધ કરવામાં આવ્યું હતું. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)





## પાલનપુર તાલુકા પોલીસે ઝડપાયેલા વિદેશી દારૂનો નાશ કર્યો



પાલનપુર પોલીસ દ્વારા ગુનાઓમાં ઝડપાયેલો આશરે ૬ લાખ ઉપરાંતનો વિદેશી દારૂનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. જેનો આર.ટી.ઓ. નજીક આવેલ રેલવે ટ્રેક પાસેના મેદાન પાસે તમામ વિદેશી દારૂના જથ્થાનો બુલડોઝર ફેરવી નાશ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે તાલુકા પોલીસમથકનો સ્ટાફ હાજર રહ્યો હતો. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

## આઠ દુકાનોનાં તાળાં તૂટ્યાં

અમદાવાદ, તા.૧૨


અમદાવાદ શહેરના કારંજ વિસ્તારમાં મોડી રાત્રે આઠ દુકાનોના તાળા તોડ્યા હોવાની ઘટના સામે આવતાં સમગ્ર પથંકમાં ચકચાર મચી જવા પામી છે. પ્રાપ્ત મળતી વિગત અનુસાર મોઈન ઈબ્રાહીમ શેખ (ઉમર વ.૩૪) કે જેમને પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે મોડીરાત્રે સમતા કોમ્પલેક્ષ, રિલીફ રોડ, કારંજ ખાતે આઠ દુકાનોના તાળા તોડાયા હતા જેમાંથી કુલ મુદ્દામાલ રૂા. ૧,૮૫,૫૦૦ ની ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું છે.

## પીએસઆઈ ગોસ્વામીની જામીનની અરજી પર ૧૭મીએ સુનાવણી

અમદાવાદ, તા.૧૨

પોલીસ બેડામાં ખૂબ જ ચકચાર જગાવનાર ૧૪ લાખ ખંડણી કેસમાં સંકળાયેલા મહત્વના આરોપી પીએસઆઈ પ્રદિપ ગોસ્વામીએ સીટી સીવીલ સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી છે. બીજીતરફ શહેર ક્રાઈમબ્રાન્ચના તપાસ અધિકારી મયુર ચાવડા દ્વારા પ્રદિપ ગોસ્વામીની જામીન ન આપવા માટે સીટી સીવીલ સેશન્સ કોર્ટમાં એફીડેવીટ દાખલ કરવામાં આવી છે. જામીન અરજીની સુનાવણી આગામી ૧૭મી જુલાઈના રોજ યોજાશે. શહેરના નહેરૂનગર વિસ્તાર સ્થિત એક ખાનગી કોલસેન્ટરના માલિક પાસેથી ૧૪ લાખની ખંડણી માંગવાના કેસમાં સંકળાયેલા આનંદનગર પોલીસ સ્ટેશનના પીએસઆઈ પ્રદિપ ગોસ્વામીએ સીટી સીવીલ સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી છે. જામીન અરજીમાં તેમણે જણાવ્યું છે કે ૧૪ લાખ ખંડણી પ્રકરણમાં મારી કોઈ ભૂમિકા નથી. બનાવ વખતે હું ત્યાં ગયો ન હતો. મેં કોઈ લૂંટ કરી નથી જેવી વિગત જામીન અરજીમાં દર્શાવેલ છે.

## શબ્દાવલી - ૫૧૧૭



### આડી ચાવી

૧. સ્વર્ગની અપ્સરા મેનકાએ આ ઋષિનું તપોભંગ કર્યું હતું (૪)
૩. તડપ, અનુભવ (૩)
૬. દુર્ગંધ (૨)
૭. બરફનો પથ્થર (૪)
૮. આપવું લેવું તે, વ્યવહાર (૪)
૧૦. પરણ્યાની રાત (૫)
૧૧. એક ફિલ્મ અભિનેત્રી (૪)
૧૨. મુંગુ અબોલ (૨)
૧૪. નડ્યા કરનારૂં, નડતર (૪)
૧૫. ખુબ ચર્ચાસ્પદ બનેલ ધર્મગુરૂ જેનો પુનામાં આશ્રમ છે તે આચાર્ય (૪)
૧૭. વરઘોડો (૨)
૧૮. સરદાર વલ્લભભાઈનું જન્મસ્થળ (૫)

### ઊભી ચાવી

૧. ...માં કયારેય ના ઉતરવું, વાદ... (૩)
૨. નાક... લેવાનું કામ કરે (૨)
૩. 'કમનીય' શબ્દ ગોઠવો (૪)
૪. બાટલી, બોટલ (૨)
૫. બુંગણ જેવું જાડું કાપડ (૩)
૭. હિમેજ એક ઔષધ (૩)
૮. પત્ની મૃત્યુ પામી હોય તેવો પતિ (૩)
૯. સાબુ-પાવડર વગેરે બનાવતી એક પ્રખ્યાત કંપની (૩)
૧૦. ખુશ રહેવા માટે... પણ જરૂરી છે (૫)
૧૨. જમ્યા પછી... ખવાય (૪)
૧૩. ... કરવું, કાપી નાખવું (૨)
૧૫. છુટ્ટી, રવિવારનો દિવસ... નો દિવસ (૨)
૧૬. વહેમ-શંકા (૨)

### શબ્દાવલી ૫૧૧૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) અવળચંડુ (૫) જીત (૭) જજ (૮) દલડુ (૧૦) રાત (૧૨) ઝરમર (૧૪) રઝળફાટ (૧૬) વક (૧૭) કજીયો (૧૯) કકળાટ (૨૧) રિવાજ (૨૨) ચોપટ (૨૩) ચશ્મા

**ઊભી ચાવી :-** (૧) અજરામર (૨) વજન (૩) ચંદન (૪) ડુલ (૬) તલવાર (૯) ડુંગર (૧૧) સળવળાટ (૧૨) ઝટ (૧૩) મરજીવા (૧૫) પાકટ (૧૭) કરીશ્મા (૧૮) યોજના (૧૯) કચો (૨૦) કપ

## હિન્દુ હોવું તે કોઇ.... ● પહેલા પાનાનું ચાલુ

મચાવી છે અને મુસ્લિમોને આવી રીતે સરખાવવાના નરેન્દ્ર મોદીના વલણ સામે સખત નારાજગી દર્શાવી દેશની માફી માંગવાની માંગણી કરી છે.

નરેન્દ્ર મોદીએ ગોધરાકાંડ રમખાણા સંદર્ભે કદાચ સૌ પ્રથમવાર એવું દુરોગામી અસરો પેદા કરનાર નિવેદન કર્યું છે કે તે વખતે તેમણે કશુ જ ખોટું કર્ય નથી અને તેથી જ તેમને એ બાબતનો (રમખાણ સંબંધ)નો કોઈ અફસોસ નથી. ખોટુ થાય તો અફસોસ થાય પણ મેં કાંઈ ખોટું કર્યુન થી. મુખ્યમંત્રી મોદી જુનના અંતમાં રોઈટર પ્રતિનિધિને મુલાકાત આપીને એમ કહ્યું કે તેઓ રાષ્ટ્રભક્ત હિન્દુ છે. તેઓ જન્મજાત હિન્દુ છે અને રાષ્ટ્રભક્ત હિન્દુ હોવાનું તે કોઈ ગુનો નથી. આમ મોદીએ એક કાંકરે બે પક્ષી મારવાનો પ્રયાસ કર્યો છે. તેમણે હિન્દુ વોટબેન્ક ને ધ્યાનમાં રાખીને પોતાને હિન્દુ ગણાવ્યા છે તો રાષ્ટ્રભક્તનો મુદ્દો રજુ કરીને મુસ્લિમ સમાજમાં જેઓ રાષ્ટ્રભક્ત છે તેમના દિલ જીતવાનો પ્રયાસ કર્યો છે. નરેન્દ્ર મોદીના આ ઈન્ટરવ્યૂથી દેશના રાજકારણમાં ફરી ખળભળાટ મચી ગયો છે. અને જુદા જુદા પક્ષો દ્વારા જબરજસ્ત રાજકીય પ્રતિક્રિયાઓ વ્યક્ત થઈ છે.

૨૦૦૨ ગોધરાકાંડ અને કોમી રમખાણોના મામલે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે દળદાર ગ્રંથો બંધાય તેટલા આક્ષેપોનો મારો થયો છે. ગોધરાકાંડને એક દાયકો વીતી ગયો છતાં હજુ પણ મોદીને રમખાણો માટે દોષિત ગણાવી તેમની સામે સતત આક્ષેપો અને આરોપ મુકવામાં આવે છે. ઈન્ડિયા ટુડે કોન્કલેવ દરમ્યાન પણ મોદીને કોમી રમખાણો અંગે પ્રશ્નો પુછી ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. નરેન્દ્ર મોદીએ ખુબ જ શાંત ચિતે એમ કહ્યું હતું કે રમખાણ સંદર્ભમાં સુપ્રિમકોર્ટમાં બધુ જ કહી દેવામાં આવ્યું છે. અને કોર્ટમાં એ તમામ હકીકતો પડેલી છે.

રોઈટરને આપેલી આ મુલાકાતમાં સૌથી મહત્વની બાબત એ છે કે ગોધરાકાંડ અને તેના પગલે ફાટી નિકળેલ કોમી કૌભાંડોમાં સરકારે ઉદાસીનતા દાખવી તોફાની તત્ત્વોને છુટો દોર આપ્યો હોવાના આક્ષેપો થાય છે તે વિષયે મોદીએ કદાચ પ્રથમવાર વિદેશ સમાચાર એજન્સી મારફતે દેશ-વિદેશને એવો સંદેશો મોકલવાનો પ્રયાસ કર્યો છે કે તે વખતે તેમને કશુ જ ખોટું કર્યું ન હતું પરીણામે તેમણે તે ઘટના અંગે કોઈ અફસોસ નથી. મોદીનું આ નિવેદન દેશના રાજકારણમાં ભારે વમળો પેદા કરશે તેવા સ્પષ્ટ સંકેતો વર્તાઈ રહ્યા છે.

## વરસાદ...

● પહેલા પાનાનું ચાલુ

જિલ્લામાં થયેલા સાર્વત્રિક વરસાદને કારણે હવે ફેર રોપણીના પાકોના વાવેતરમાં પણ વૃદ્ધિ જોવા મળશે. ફેર રોપણીના પાકોનું વાવેતર વધશે તેમ મનાઈ રહ્યું છે.

ગ્રામ્ય વિસ્તારમાં તળાવોમાં પાણીની થયેલી આવકને કારણે ભૂતળના સ્તર ઊંચા આવશે. આજે થયેલો આ વરસાદ ખેડૂતો આશીર્વાદરૂપ ગણાવી રહ્યા છે.

ગ્રામ્ય વિસ્તારના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની ઘટનાઓ બની છે પણ કોઈ જાનહાનિની વિગતો પ્રાપ્ત થઈ નથી. જિલ્લામાં સિઝનનો અત્યાર સુધીમાં ૩૫ ટકાથી પણ વધુ વરસાદ થઈ જવા પામ્યો છે.

**કોમ્પ્યુટર મેઇન્ટેનન્સના કામની જાહેરાત**

આલેખન (મા. અને મ.) વર્તુળ કચેરી હસ્તક આવેલ કોમ્પ્યુટરનો વાર્ષિક મરામતનો કોન્ટ્રાક્ટ આપવાના હોય. ગાંધીનગર / અમદાવાદ ખાતે વેટ ટેક્ષ નંબર ધરાવતા અનુભવી કોમ્પ્યુટર મરામતની જાણકારી ધરાવતી એજન્સીઓને આઝી જાણ કરવામાં આવે છે કે કોમ્પ્યુટર મરામતના કામ માટેની શરતો આ કચેરીના સરનામે નોટીસ બોર્ડ પરથી કચેરી સમય દરમિયાન વિગતો જાણી શકાશે. શરતો પૂર્ણ કરતી એજન્સીઓને ટેન્ડર ફી રૂપિયા ૬૦૦.૦૦ (રૂ. છસ્સો) પુરા ઓફિસમાં જમા કરાવવાથી તા. ૧૮-૭-૨૦૧૩ સુધીમાં પોતાના લેટર પેડ પર માંગણી કરવાથી ભાવપત્રક ઈસ્યુ કરવામાં આવશે અને ભરેલા માન્ય ભાવપત્રક તા. ૨૫-૭-૨૦૧૩ સુધીમાં ૧૭.૦૦ કલાક સુધી આ કચેરીને સ્પીડપોસ્ટ / રજીસ્ટર પોસ્ટ એડીથી મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. શક્ય હશે તો ભાવપત્રકો તા. ૩૦-૭-૨૦૧૩ના રોજ બપોરે ૩.૦૦ કલાકે ખોલવામાં આવશે.

**સરનામું : અધિક્ષક ઇજનેરશ્રીની કચેરી**
આલેખન (મા. અને મ.) વર્તુળ
બ્લોક નં. ૧૩/૧ (પ્રથમ માળ)
ડૉ. જીવરાજ મહેતા ભવન,
સેક્ટર-૧૦, ગાંધીનગર

**સહી/-**
(એસ. કે. પટેલ)
અધિક્ષક ઈજનેર
આલેખન (મા. અને મ.) વર્તુળ
ગાંધીનગર

**માહિતી/૭૫૮/૧૩-૧૪**